**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૭/૧૧/૨૦૧૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૬૪/૧૫**

## શરીરે મેલું નાખી તેમજ ગિલોલથી ગાડીના કાચ તોડી ચોરીના ૫૦, થી વધુ ગુના કરનાર નાયડુ ગેંગના ઇસમને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.

---

અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી શરીરે મેલું નાખી તેમજ ગિલોલથી ગાડીઓના કાચ તોડી નજર ચુકવી ચોરીઓના અસંખ્ય બનાવો બનવા પામેલ હોય આવા પ્રકારના વણ શોધાયેલ ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂં શહેર પોલીસ કમિશ્નરશ્રીએ અવાર નવાર સુચના આપેલ હોય જે સુચના આધારે નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ આપેલ માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી સાયબર સેલ નાઓની સુચનાથી પો.ઇન્સ.શ્રી કે.આઇ.મોદી સા.ની ટીમના પો.સ.ઇ શ્રી રાજેશ સુવેરાનાઓ તેમના સ્ક્વૉડના માણસો સાથે અમદાવાદ શહેરમાં બનતા મિલ્કત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા પેટ્રોલીંગમાં નિકળેલ તે દરમ્યાન સ્ટાફના હે.કોન્સ.રાકેશકુમાર રમાશંકર તથા પો.કોન્સ.જાવેદખાન યાસીનખાન નાઓને મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે આરોપી વિનોદ પરમશીવા નાયડુ ઉ.વ.૨૦ રહે.ગામ નવાપુરા, પોસ્ટ તહેસીલ જિલ્લો નંદુરબાર, મહારાષ્ટ્ર, અમદાવાદ શહેર નાને મુદ્દામાલ ચાંદીની પાયલ, સોનાની કાંટી બે નંગ, સોનાની કડી નંગ-૧, સોનાનુ ડોકીયુ નંગ-૧, તથા સોનાની બુટ્ટી ૧ જોડ મળી કુલ્લે કિં.રૂ.૩૩૮૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડેલ છે.

પકડાયેલ આરોપીની સઘન પુછપરછ કરતાં તે તથા તેના સાગરિતો (૧) તેના બનેવી સંતોષ તથા તેના બનેવીના સગાવ્હાલા (૨) શંકર મુર્ગેશ નાયડુ (૩) સુરેશ નાયડુ (૪) સંજય શુભૈયા નાયડુ (૫) ગોવિંદા રાજુ નાયડુ (૫) મુરલી રાજુ નાયડુ તે તથા બીજા ત્રણ માણસો સાથે મળી અમદાવાદ શહેરમાં આવી ગમે તે વિસ્તારમાં એક મકાન ભાડે રાખી રહેતાં અને અમદાવાદ તથા ગુજરાત રાજ્યના અન્ય શહેરોમાંથી ચાલુ ફોર વ્હીલર ગાડીને ગમે તે રીતે ગાડીને પંકચર પાડી દઈ ડ્રાઇવરનુ ધ્યાન તે તરફ દોરી નજર ચુકવી ચોરી કરવી તેમજ કોઇ પણ વ્યક્તિ પર મેલુ નાંખી તે તરફ ધ્યાન દોરી તેની પાસેની માલમત્તાની ચોરી કરી લેવી તેમજ ગીલોલથી ગાડીનુ કાચ તોડી નાંખી ગાડી ઉભી રખાવી ગાડીનો દરવાજો ખોલી તેમાંથી માલમત્તાની ચોરી કરી લેતાં હતાં અને આ રીતે તેઓએ અમદાવાદ શહેરમાં આશરે ૫૦ થી વધુ ગુન્હાઓ આચરેલ હોવાની કેફીયત જણાવેલ છે.

પકડાયેલ આરોપી અગાઉ પણ આ પ્રકારની ચોરીઓને અંજામ આપી ચુકેલ હોય અને અત્રે તેણે પુછપરછ દરમ્યાન ૧૫ ચોરી કરેલ હોવાનુ જણાવે છે જેથી આ ઇસમે કેટલી ચોરીઓ કરેલ છે તે દિશામાં તપાસ ચાલુ છે અને બીજી પણ આવી ચોરીઓનો ભેદ ઉકેલાય તેવી શક્યતા રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)